| | |
|---|---|
| આંક | ૧૭ |
| દાખલ થયા તા. | ૦૧/૦૭/૨૦૨૨ |
| રજુ કર્યા તા. | ૦૧/૦૭/૨૦૨૨ |
| ફેંસલ કર્યા તા. | ૧૦/૦૬/૨૦૨૬ |
| સમય મર્યાદા | ૦૩ વર્ષ, ૧૧ માસ, ૦૯ દિવસ |

**૫ માં એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (અમદાવાદ શહેર) સાહેબની કોર્ટ સમક્ષ.**

**ફોજદારી કેસ નં. ૬૫૦૫૯/૨૦૨૨**

**ફરીયાદી :–**

**૧.** સ્ટેટ ઓફ ગુજરાત

**વિરુધ્ધ**

**આરોપી :–**

**૧.** રણજીતસિંહ નૈનસિંહ ચૌહાણ(દરબાર), ઉ.વ.૪૬,
રહે. ભવાની બાગ પ્રથમા સોસાયટીની સામે,
ઈસનપુર ગામ, ઠાકોરવાસ, ઈસનપુર, અમદાવાદ.

**ગુન્હો:– ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ) મુજબ.**

**સરકાર તરફે : વિધ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી**
**આરોપી તરફે : વિ. વ. શ્રી આઇ. એ. શેખ**

**–//જજમેન્ટ//–**

(૧) આ કામના આરોપીએ વગર પાસ પરમીટે ગેરકાયદેસર દેશી દારૂ ૪૦ લીટર કિંમત રૂા.૮૦૦/– નો વેચાણ માટે લાવી ઈસનપુર મોતીબાગ સોસાયટીની બાજુમાં આવેલ ખુલ્લા મેદાનમાં આવેલ પોતાના કબ્જાના છાપરાની પાછળ ખુલ્લી જગ્યામાં ચાર પ્લાસ્ટીકના કોથડામાં ભરીને સંતાડી રાખી રેઈડ દરમ્યાનમાં તા.૦૫.૦૩.૨૦૨૨ ના કલાક ૧૭:૧૫ વાગ્યે દેશી દારૂનો ઉપરોકત જથ્થો મળી આવી આરોપી જે તે સમયે નહીં મળી આવી પાછળથી પકડાઇ જઇ ગુનો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ ઈસનપુર પોલીસ સ્ટેશનમાં કરતાં, પોલીસે પ્રોહી ગુના રજી. નં. પાર્ટ સી–૧૧૧૯૧૦૨૨૨૨૦૪૦૫/૨૦૨૨

થી ગુનો રજીસ્ટર્ડ કરેલ અને મુદ્ધામાલ સેમ્પલ પૃથ્થકરણ માટે લીધેલ અને મુદ્ધામાલ પંચનામાની વિગતે કબજે લઇ તપાસ કરનાર અધિકારીએ સાહેદોના નિવેદનો લઇ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં હાલનું ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઇ) ચાર્જશીટ કરેલ છે.

(૨) આ કામે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ થતા આરોપીને સમન્સ કરતા તેઓ હાજર થયેલ હોઇ, કેસના કાગળોની નકલો વિના મુલ્યે આરોપીને આપવામાં આવેલ અને ત્યારબાદ આરોપી સામે આંક–૦૪ થી તહોમતનામુ ફરમાવી તેઓનો જવાબ આંક-૦૫ અન્વયે થી રેકર્ડ પર લેવામાં આવેલ છે અને તેમની સામેના ગુનાનો ઇન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩.) ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૨ અન્વયે નીચે મુજબના પુરાવા રજુ કરેલા છે.

**–: ફરીયાદપક્ષે મૌખિક પુરાવો :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧. | ૦૯ | પંચસાહેદ ઇલીયાસ વલીભાઇ પટેલની જુબાની |
| ૨. | ૧૧ | ફરીયાદી અનીલકુમાર રાધેશ્યામની જુબાની |
| ૩. | ૧૪ | ત. ક. અ. શ્રી દીપકકુમાર જીવરાજભાઇ લકુમની જુબાની |

**–: ફરીયાદ પક્ષનો દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૦ | પંચનામાની નકલ |
| ૨. | ૧૨ | ફરીયાદની નકલ |

(૪) ફરિયાદપક્ષે ઉપરોકત પુરાવા રજુ કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રીએ તેઓનો પુરાવો પૂર્ણ કર્યાની મૌખિક જાહેરાત કરતા આરોપીઓનુ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં તેઓ વિરૂધ્ધના પુરાવાની હકીકત ખોટી હોવાનું તેમજ વિશેષમાં આવો કોઇ બનાવ બનેલ નથી ખોટા પુરાવા ઉભા કરી ખોટી ચાર્જશીટ

કરેલ હોવાનું જણાવેલ છે.

(૫.)આ કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.ની તેમજ આરોપીઓના વિ. વકીલશ્રીની દલીલો સાંભળી.

(૬.) આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

| | |
|---|---|
| ૧ | શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ વગર પાસ પરમીટે ગેરકાયદેસર દેશી દારૂ ૪૦ લીટર કિંમત રૂ.૮૦૦/- નો વેચાણ માટે લાવી ઇસનપુર મોતીબાગ સોસાયટીની બાજુમાં આવેલ ખુલ્લા મેદાનમાં આવેલ પોતાના કબ્જાના છાપરાની પાછળ ખુલ્લી જગ્યામાં ચાર પ્લાસ્ટીકના કોથડામાં ભરીને સંતાડી રાખી રેઇડ દરમ્યાનમાં તા.૦૫.૦૩.૨૦૨૨ ના કલાક ૧૭:૧૫ વાગ્યે દેશી દારૂનો ઉપરોકત જથ્થો મળી આવી આરોપી જે તે સમયે નહીં મળી આવી પાછળથી પકડાઇ જઇ ગુનો કરી ધી પ્રોહી એકટની કલમ - ૬૫(ઇ) નો શિક્ષાપાત્ર ગુનો આ અદાલતની હકુમત માં કરેલ છે? |
| ૨. | શું હુકમ? |

(૭) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો અને તે અંગેના કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) છેવટના હુકમ મુજબ.

## -:: કા ર ણો ::-

**<u>મુદ્દા નં. ૧ ના કારણો</u> :-**

(૮) ભારતીય પુરાવા અધિનીયમની કલમ-૧૦૧ અને ૧૦૨ સાથે વાંચતા ફોજદારી ન્યાય શાસ્ત્રના સ્થાપિત સિધ્ધાંતો મુજબ, આક્ષેપીત ગુનો આરોપી ધ્વારા જ કરવામાં આવેલ છે તે પુરવાર કરવાની સંપુર્ણ જવાબદારી ફરીયાદપક્ષ પર રહેલી છે, કારણ કે

કાયદાના સ્થાપિત સિધ્ધાંતો મુજબ આરોપી જયાં સુધી દોષીત સાબીત ન થાય ત્યાં સુધી નિર્દોષ છે. કાયદાની આ મુળભુત સિધ્ધાંતો લક્ષમાં રાખીને, આ કેસના ન્યાય નિર્ણય હેતુ રેકર્ડ પર રજુ કરેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૮.૧) આ કામે ફરીયાદપક્ષની હકીકત મુજબ, આ કામના આરોપીએ વગર પાસ પરમીટે ગેરકાયદેસર દેશી દારૂ ૪૦ લીટર કિંમત રૂા.૮૦૦/- નો વેચાણ માટે લાવી ઈસનપુર મોતીબાગ સોસાયટીની બાજુમાં આવેલ ખુલ્લા મેદાનમાં આવેલ પોતાના કબ્જાના છાપરાની પાછળ ખુલ્લી જગ્યામાં ચાર પ્લાસ્ટીકના કોથડામાં ભરીને સંતાડી રાખી રેઈડ દરમ્યાનમાં તા.૦૫.૦૩.૨૦૨૨ ના કલાક ૧૭:૧૫ વાગ્યે દેશી દારૂનો ઉપરોકત જથ્થો મળી આવી આરોપી જે તે સમયે નહીં મળી આવી પાછળથી પકડાઇ ગયેલ. જે અંગેની ફરીયાદ આ કામના ફરીયાદી અનીલકુમાર રાધેશ્યામ નાઓએ આપેલ તેઓની જુબાની આંક-૧૧ થી નોંધવામાં આવેલ છે તેમજ તપાસ કરનાર અમલદાર દીપકકુમાર જીવરાજભાઇ લકુમને આંક-૧૪ થી તપાસવામાં આવેલ છે. આ બન્ને સાહેદો પોલીસ સાહેદ છે. આ ફરીયાદી તેમજ ત. ક. અ. શ્રી તેઓની જુબાનીમાં ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપેલ છે. ફરીયાદીની ઉલટ તપાસ ધ્યાને લેતાં તેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, બાતમીની કોઇ લેખીત નોંધ કરેલ નથી તેમજ પેટ્રોલીંગમાં કેટલા વાગ્યા નીકળેલ તે યાદ નથી તેમજ રેડ વાળી જગ્યાની આજુબાજુ ઘણા બધા છાપરા આવેલ છે અને રહેણાંક વિસ્તાર છે તેવી હકીકત સ્વીકારેલ છે. આ કામના ત. ક. અ. શ્રીની ઉલટ તપાસ ધ્યાને લેતાં તેમાં ત. ક. અ. શ્રી એ મુખ્યત્વે જણાવેલ છે કે, ગુનાના કામે પંચનામું તેઓએ કરેલ નથી તેમજ ચાર્જશીટ પણ તેઓએ કરેલ નથી. પંચસાહેદ ઈલીયાસ વલીભાઇ પટેલ નાઓને આંક-૦૯ થી તપાસતા તેઓએ તૈયાર પંચનામામાં સહી લીધેલ હોવાનું જણાવતા હોય તેઓ પંચનામાની હકીકતને સમર્થનકારી જુબાની આપતા ન હોય સરકારી વકીલશ્રી ધ્વારા તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે. આમ, આરોપી વિરૂધ્ધના તહોમતની હકીકતને સ્વતંત્ર સાહેદોની જુબાનીથી સમર્થન મળતું નથી. આ સંજોગોમાં રેકર્ડ પર રજુ પુરાવાના આધારે આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે તેમ ઠરાવવામાં આવે છે. આથી, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **આખરી હુકમ**

૧. આથી, આરોપી ને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) હેઠળ પ્રોહી. એકટની કલમ–૬૫(ઇ) મુજબના શિક્ષાને પાત્ર ગુનાના તહોમતમાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ અનુસાર નાશ કરવો.

૩. આરોપીના જામીન અને જાતમુચરકા સી.આર.પી.સી.ની કલમ–૪૩૭(એ) મુજબના સમયગાળા માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ.૧૦, માહે.જુન, સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

[દર્શકકુમાર દિનેશચંદ્ર શાહ]
૫ માં એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ સીટી (કોર્ટ નં.૧)
Code–GJ00956

અમદાવાદ